D.El.Ed પ્રવેશ પ્રક્રિયા વર્ષ: 2026-27

કૉલેજ પસંદગી બદલવા અંગે સૂચના

તા.05/10/2026

- ઉમેદવારોએ **online** ફોર્મ ભરી- સ્વીકાર કેન્દ્ર ખાતે ચકાસણી કરાવી- આખરી રીતે **submit** કર્યા બાદ ફાઈનલ મેરિટ યાદી જાહેર કરવામાં આવેલ છે અને ઉમેદવારોએ **online** પોતાની પસંદગીની કૉલેજ પસંદ કરેલ છે.
- અગાઉ કરેલ જાહેરાત મુજબ ઉત્તર બુનિયાદી પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહ માટે કૉલેજ દીઠ બહુ ઓછી બેઠક ઉપલબ્ધ હોવાથી તમામ કોલેજની ઉપલબ્ધ કુલ બેઠક (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર) મુજબ અનામતના ધોરણો જાળવી બેઠક ફાળવણી કરાવાની થતી હોવાથી આ સાથે કૉલેજ દીઠ ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારોની સંયુક્ત રીતે બેઠક ફાળવણી જાહેર કરવામાં આવે છે.
- આથી કૉલેજ દીઠ ઉત્તર બુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહના ઉમેદવારોની સંયુક્ત રીતે કરેલ બેઠક ફાળવણી ધ્યાને લઈ જો કોઈ ઉમેદવારો કૉલેજ પસંદગી બદલવા માંગતા હોય તો તેઓ તા.**05/10/2026** થી તા.**07/10/2026** રાત્રીના **11.59** કલાક સુધી કૉલેજ પસંદગી ફેરફાર કરી શકે છે.
- વધુમાં, કેટલીક કોલેજની બેઠકો અને પ્રકારમાં (કુમાર/કન્યા/મિશ્ર) ફેરફાર થયો હોવાથી દરેક ઉમેદવારોને વિનંતી છે કે પોતાની પસંદગીની કોલેજની આજની સ્થિતિ ચકાસી લેવી અને તે મુજબ જો કૉલેજ પસંદગી બદલવી હોય તો તા.**05/10/2026** થી તા.**07/10/2026** રાત્રીના **11.59** કલાક સુધી કૉલેજ પસંદગી ફેરફાર કરી **Save and Next** આપી શકે છે.
- જો ઉમેદવારોએ પસંદ કરેલ કોઈ કોલેજનો પ્રકાર (કુમાર/કન્યા) બદલાયો હોય અને પોતે તે પ્રકારના ઉમેદવાર નહીં હોય અને ઉમેદવાર તેવી કોલેજની પસંદગી બદલતા નથી તો તે કોલેજમાં પ્રવેશ ફાળવવામાં આવશે નહીં. આ અંગેની તમામ જવાબદારી સંબંધિત ઉમેદવારની પોતાની રહેશે.